# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ફાયર અકસ્માત અને ફાયર એનઓસી વિશે સેમિનાર યોજાયો

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, માંગરોળ તાલુકા ઇન્ડસ્ટ્રીઝ વેલફેર એસોસિએશન અને કીમ – પીપોદરા વિવર્સ એસોસિએશન સુરતના સંયુકત ઉપક્રમે બુધવારે તા. ૩૧ જુલાઇ ૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે માંગરોળ સ્થિત સંજાર કોમ્પલેક્ષમાં આવેલી માંગરોળ તાલુકા ઈન્ડસ્ટ્રીઝ વેલફેર એસોસિએશનની ઓફિસ ખાતે 'ફાયર અકસ્માત અને ફાયર એનઓસી' વિશે અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજરાત સરકારના ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય વિભાગના નિવૃત્ત નાયબ નિયામક શ્રી એલ.કે. ડુંગરાણીએ હેતુલક્ષી વકતવ્ય રજૂ કર્યુ હતુ તેમજ આગના વિવિધ પ્રકારો, કારખાનામાંથી આકસ્મીક સંજોગોમાં બહાર કઈ રીતે નીકળવુ અને ફાયર એનઓસી કઈ રીતે મેળવવી વિગેરે બાબતે માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ.

ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ સિકયુરિટી કમિટીના કો–ચેરમેન શ્રી પ્રવિણ દોન્ગાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ચેમ્બરની મોડર્ન વિવિંગ કમિટીના કો–ચેરમેન શ્રી સંજય દેસાઇએ ટેક્ષટાઇલ ઉદ્યોગના પ્રશ્નો અંગે વિસ્તૃત છણાવટ કરી હતી. તેમણે ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીના વિવિધ સમસ્યાઓનું વહેલી તકે નિરાકરણ આવી રહયુ છે તેમ જણાવ્યુ હતુ.

મુખ્ય વકતા શ્રી એલ.કે. ડુંગરાણીએ ફાયર સેફટી અને એનઓસી પ્રોસિજર અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે કારખાનાઓમાં સલામતિ અંગે શુ સાવચેતી રાખવી તેની વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, કારખાનામાં અકસ્માતનો બનાવ બને જ નહી તે માટે ઇલેકટ્રીકલ કનેકશનો, લાઇનો, ઇલેકટ્રીક મોટરો, સિંગલ ફેઝ વાયરીંગ વિગેરે સ્ટાન્ડર્ડ કંપનીના વાપરવા જોઇએ. કારખાનાઓમાં આગ ઓલાવવાના યોગ્ય પ્રકારના સાધનોનો ઉપયોગ કરવા વિશે સમજણ આપી હતી. તેમણે આગના વિવિધ પ્રકારો, આગ

ઓલાવવાના ફાયર એક્ષ્ટીન્ગ્યુશર અને તેનો ઉપયોગ કઈ રીતે કરી કારખાનામાંથી આકસ્મીક સંજોગોમાં બહાર નીકળવુ વિગેરે બાબતે ચર્ચાઓ કરી માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ.

શ્રી ડુંગરાણીએ ફાયર એનઓસી બાબતે એનબીસી કોડ અંગે ઇન્ડસ્ટ્રીયલ કેટેગરી જીની લો હેઝાર્ડ, મોડરેટ હેઝાર્ડ અને હાય હેઝાર્ડ અંગેની તમામ કેટેગરી માટેની વિગતવાર માહિતી આપી હતી. તેમજ એનઓસી મેળવવાની પદ્ધતિ તથા કેટલા ફાયર એક્ષ્ટીન્ગેશર બોટલ રાખવા, કયા પ્રકારના બોટલ રાખવા, કયા પ્રકારના પાઇપનો ઉપયોગ કરવો વિગેરે સમજણ આપી હતી.

ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ સિકયુરિટી કમિટીના ચેરમેન શ્રી ચેતન શેઠે ચેમ્બર દ્વારા તા. ૩થી ૫ ઓગષ્ટ ૨૦૧૯ દરમિયાન સરસાણા ખાતે યોજાનારા યાર્ન એક્ષ્પો ૨૦૧૯ની માહિતી આપી એક્ષ્પોમાં ભાગ લેવા માટે અનુરોધ કર્યો હતો.

આ અવેરનેસ સેમિનારમાં મોટી સંખ્યામાં કારખાનેદારો અને ઉદ્યોગકારો જોડાયા હતા. સેમિનારના અંતે કીમ – પીપોદરા વિવર્સ એસોસિએશન સુરતના પ્રમુખ શ્રી રસિક કોટડીયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.